જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૭૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૪૦૩ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૭૨/૨૦૨૬**

એલીસબ્રીજઃ મુખ્તારઆલમ સુલેમાન શાહ (ઉ.વ.૬૩)(રહે.અનવર પાર્ક, ચોથી ગલી, હરિયાણી સોસાયટી પાસે, જુહાપુરા) એ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રિજ મહારાણા પ્રતાપ સેન્ટર ખાતે આવેલ પોતાની ઓફીસના દરવાજાનો નકુચો અને તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ઓફીસમાંથી સોનાની ચેઇન નંગ–૦૨ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/–, સોનાની વીંટીઓ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/–, વિદેશી ડોલર/પાઉન્ડ/યુરો જે ભારતીય કરન્સી પ્રમાણે કુલ આશરે રૂપિયા ૩૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૭૩/૨૦૨૬**

સરખેજઃ સાણંદ–સરખેજ રોડ લેબર કોલોની "પલાસ હોમ્સ" નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા ખુશીબહેન વા/ઓ રાજભાઇ ગણાવા (ઉ.વ.૨૩)(મુળ વતન: ગામ:–ગલાલીયાવાડ ખરાડીયાફળી તા.જી.–દાહોદ) તા.૧૧/૦૫/૨૦૨૬ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે "પલાસ હોમ્સ" બીલ્ડીંગના ૧૪ મા માળે હોલની ગેલેરી સાફ કરવા જતા ૧૪ મા માળે થી નીચે પહેલા માળની ગેલેરીમા પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સહયોગ હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૭૪/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ ઉમેશ વિષ્ણુભાઇ શુક્લા (ઉ.વ.૩૮)(રહે. વિનોબાભાવે નગર સરદાર પટેલ રીંગ રોડ દસ્ક્રોઇ વટવા જીઆઈડીસી) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૬ ના કલાક ૨/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમા લાગેલ લોંખડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી